## સાફલ્યા ગાથા વિકલી તા. ૦૬/૦૨/૨૦૧૭ થી ૧૨/૦૨/૨૦૧૭

૧) સાફ્લ્ય ગાથા (ફોટાઓ સાથે)

૨) સુરક્ષા સેતુ અંતર્ગત થયેલ કાર્યક્રમો તથા તેને અનુરૂપ ફોટાઓની વિગત સ્કુલોમાં અવેરનસ

### મુદા નંબર (૧)

1. જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીના ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સહકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરુ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ. ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

### મુદા નંબર (3)

- ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.
- ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે છે.
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.
- વારંવાર રોડ ઉપર ટ્રાફીક ડ્રાઇવ રાખી ટ્રાફીક અવરેનસ અંગેની સમજ આપવામાં આવે છે.

### મુદા નંબર (૪)

- ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?
- નેશનલ ૮ તેમજ અન્ય રસ્તાઓ ઉપર એકસીડન્ટ ઝોન નકકી કરી રોડ એકસીડન્ટ, ટ્રાફીક નિયમન, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ સી.સી.ટી.વી. કેમેરાની જરુરીયાત મુજબની યાદી બનાવી કલેકટરશ્રી સાથે મિટીંગો કરવામાં આવેલ છે.
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારુ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

## મુદા નંબર (૫)

- **અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.**
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે.

**પ્રેસ નોટ તા.૮/૦૨/૨૦૧૭**

**ભારતીય બનાવટના વિદેશી દારૂનો રૂપીયા રૂ.૩૩,૬૦૦ /- નો જથ્થો પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી ટીમ**

અત્રેના નવસારી જીલ્લામાં પ્રોહીબીશન પ્રવૃતિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાઓએ પોલીસ ઈન્સ્પેકટરશ્રી ડી.એન.પટેલ એલ.સી.બી નવસારીનાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.૭/૦૨/૨૦૧૬ના રોજ એલ.સી.બી.ના પોલીસ માણસો નવસારી રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો ધવલભાઇ દેવદાનભાઇ તથા પો.કો ઇશ્વરશંકર રામચરીત્ર મીશ્રાનાઓને મળેલ બાતમી હકિકત આધારે આરોપી (૧) મુકેશભાઇ મનુભાઇ હળપતિ રહે.કછોલગામ, નીશાળફળીયા, તા.જી.નવસારીનાને ૧૪ પુઠાના બોક્ષમાં વ્હિસ્કીની બાટલીઓ તથા ટીન બીયર મળી કુલ બાટલીઓ નંગ ૬૪૮ કુલ કિંમત રૂપીયા ૩૩,૬૦૦/- તથા હીરો હોન્ડા સ્પેલન્ડર પ્રો મોટર સાયકલ રજીસ્ટ્રેશન નંબર.GJ 21 K 8591 કી.રૂ.૨૦,૦૦૦/- મળી કુલ્લે કી.રૂ. ૫૩,૬૦૦/- ના પ્રોહી મુદામાલ સાથે પકડી પાડેલ છે. તેમજ પ્રોહી મુદામાલ મંગાવનાર આરોપી (૨) ધનસુખભાઇ ખાલપભાઇ રાઠોડ રહે.કછોલગામ, નીશાળફળીયા, તા.જી.નવસારીને વોન્ટેડ જાહેર કરી બંને આરોપીઓ વિરૂધ્ધ પો.કો. અનીલભાઇ મહજીભાઇ નોકરી એલ.સી.બી. નવસારીનાઓએ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને આગળની તપાસ નવસારી રૂરલ પો.સ્ટે કરી રહેલ છે.

# લોકલ ક્રાઇમ બ્રાંચ
# નવસારી

**E-Mail add :- lcb-sp-nav@gujarat.gov.in**

ટેલીફોન નંબર. ૦૨૬૩૭ ૨૪૭૫૦૮

## પ્રેસ નોટ તા.૦૮/૦૨/૨૦૧૭

## નવસારી જીલ્લાના બીલીમોરા પો.સ્ટેના ઘરફોડ ચોરીના આરોપીને પકડી પાડી નવસારી તેમજ વલસાડના મળી કુલ-૧૧ ચોરીઓના ભેદ ઉકેલતી એલ.સી.બી નવસારી

પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અનુસંધાને તા.૮/૦૨/૨૦૧૭ નારોજ એલ.સી.બી. નવસારીના પો.સ.ઇ શ્રી એસ.જી.દેસાઇ તથા હે.કો જયકૃષ્ણ દોલતસિંહ, પો.કો અનિલભાઇ મહજીભાઇ, પો.કો લલીતભાઇ અશોકભાઇ પો.કો ઇશ્વરશંકર રામચરીત્ર, પો.કો નિલેશભાઇ અશોકભાઇ પો.કો ધવલભાઇ દેવદાનભાઇ, પો.કો ફેસલ મકબુલ તમામ નોકરી એલ.સી.બી નવસારીનાઓ મિલ્કત સબંધી ગુના અંગેની પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ માણસોને મળેલ બાતમી હકીકત આધારે નવસારી રેલ્વે સ્ટેશન પુર્વે આવેલ રિક્ષા સ્ટેન્ડ નજીકમાં શાંતાદેવી રોડ તરફ જવાના નાકા ખાતે આરોપી નિલેશભાઇ મંગુભાઇ ધો.પટેલ ઉ.વ.૨૮ રહે.ઉદવાડા, ડુંગરી પોણીયાફળીયા, તા.પારડી, જી.વલસાડની પાસેથી ટેબલેટ તેમજ બીજા આઠ મોબાઇલ ફોન તેમજ ચોરીમાં ઉપયોગમાં લેવામાં આવતાં ચાવીઓના બે અલગ અલગ ઝુડાઓ મળી કુલ કી.રૂ.૧૪,૫૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

તેમજ મચકુર ઇસમની પુછપરછ દરમ્યાન ઉપરોકત મુદામાલ પૈકી ટેબલેટ ફોન તથા લેપટોપની ચોરી આજથી પાંચેક મહીના ઉપર બીલીમોરા વિસ્તારમાંથી દિવસના સમયે બંધ મકાનમાંથી કરેલ હોવાની કબુલાત કરતાં જે અંગે બીલીમોરા પો.સ્ટે ખાતે ખાતરી કરતાં બીલીમોરા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૨/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૪૫૪, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોવાની હકીકત જાણવા મળેલ હોય અને મચકુર પાસેથી ચોરીમાં ગયેલ મુદામાલ પૈકી ટેબલેટ ફોન મળી આવેલ આવેલ હોય જેથી મચકુર આરોપીને ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલ.

ઉપરોકત ચોરી સિવાય મચકુર આરોપીએ દિવસના સમયે બંધ મકાનનાં દરવાજાના તાળા ડુપ્લીકેટ ચાવીથી ખોલી તેમજ મકાનના પાછળના દરવાજાથી અંદર પ્રવેશ કરી વલસાડ જીલ્લામાં સંજાણ, ઉમરગામ, વાપી, અતુલ, અંબાચ વિગેરે વીસ્તારમાંથી કુલ-૧૦ ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે. તેમજ આરોપીને આગળની તપાસ માટે બીલીમોરા પો.સ્ટેને સોપવામાં આવેલ છે.

# પ્રેસ નોટ તા.૦૯/૦૨/૨૦૧૭

## બીલીમોરા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી નવસારી એલ.સી.બી

પોલીસ અધિક્ષકશ્રી નવસારી નાઓએ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એલ.સી.બી નવસારી નાઓને નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના આપતા પેરોલ ફર્લો સ્કોડના હે.કો. રમેશભાઇ સુખાભાઇ તથા એલ.સી.બી નવસારીના પો.કો. ફેઝલ મકબુલ હુસેન તેમજ પો.કો અનીલ મહજીનાઓ નાઓ પેટ્રોલીગમાં હતા. દરમ્યાન પો.કો. ફેસલ મકબુલ હુસેનનાઓને નાઓને બાતમી હકીકત મળેલ કે બીલીમોરા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૭૦/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૨ વિગેરે મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી પ્રકાશસીંગ ઉર્ફે ડાંગી માનસીંગ અણધીયાર ઉ.વ. ૩૨ રહે.દેવસર શીખકેમ્પ તા.ગણદેવી જી.નવસારીનાને બીલીમોરા ખાતે થી પકડી પાડી નવસારી એલ.સી.બી. ઓફીસે લાવી પુછપરછ કરતા ઉપરોકત ગુનાના કામે નાસતો ફરતો હોય જેથી મજકુર આરોપીને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ, મુજબ અટક કરી જરૂરી કાર્યવાહી કરી આગળની તપાસ માટે બીલીમોરા પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.